**સભા-૪૫ : કેવા બાળમૂક્તો !**

તા. ૭-૨-૧૮ - મેલબર્ન (ઓસ્ટ્રેલિયા). સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં કીર્તનભક્તિ દરમ્યાન સૌનું ધ્યાન ખેંચે તેવો બાળક હતો અક્ષર. સાવ નાનો. પણ આખી પૂજા દરમ્યાન તેણે ખૂબ આત્મવિશ્વાસથી તબલાં વગાડ્યાં હતાં. સહેજે સ્વામીશ્રીની અને સૌની નજર તેના તરફ ખેંચાતી હતી. પૂજા પૂર્ણ કરીને સ્વામીશ્રીએ તેને આશીર્વાદ લેવા નજીક બોલાવ્યો. તો તે સ્વામીશ્રીને ભેટી પડ્યો. સ્વામીબાપાએ પણ રાજી થઈને તેને થાબડ્યો અને આશીર્વાદ આપ્યા. સભામંડપમાંથી સ્વામીશ્રી વિદાય થયા બાદ એક સંતે અક્ષરને પૂછ્યું, 'તું કેમ ભેટ્યો ?' તો તેણે કહ્યું, મારે પ્રસાદીના થવું હતું. સ્વામીબાપાને ભેટ્યો એટલે મારો ઝભ્ભોય પ્રસાદીનો થઈ ગયો ને હુંય પ્રસાદીનો થઈ ગયો. નાના બાળકની કેવી મોટી સમજણ. આ સંતે બાપા પાસે અક્ષરની આ સમજણની વાત કરી. ત્યારે અહીંના નાના બાળમુક્તો પણ કેવા છે તેના વિશે બે બાળકોની વાત નીકળી. ૧. હર્ષ મહેતા - પાંચ વરસનો જ છે. કેક ન ખાવાનો નિયમ છે. તેના પિતા ઉમંગભાઈની બર્થડેમાં કેક ન ખાધી ને કહ્યું, એક દિવસ માટે પણ નિયમ નહીં તોડું. નિયમમાં અડગ રહ્યો. ૨. દેવવ્રત. ચાર વર્ષનો છે. ટી.વી. ન જોવાનો નિયમ છે. તો તેના પિતાએ સમાચાર જોવા ટી.વી. ચાલુ કર્યું. તો દેવવ્રત ઊંધો ફરી ગયો, ને કહે, 'મારે નિયમ છે. તમારે જોવું હોય, તો જૂઓ.' સ્વામીશ્રી આવી દૃઢતા જોઈ રાજી થયા ને કહે, બીજો હોય તો આમ જૂએ. (સ્વામીશ્રીએ આંખના ખૂણેથી જોઈ લે તેવી સરસ એક્ટિંગ કરી.) મહાભારતનાં દેવવ્રતની જેમ જ આ દેવવ્રત પણ નિયમમાં અડગ રહ્યો ને બાપાનો રાજીપો મેળવ્યો. તો બાળમિત્રો, અક્ષર, હર્ષ ને દેવવ્રત જેવા જ બાળકો આપણે પણ બનીએ ને સ્વામીશ્રીને રાજી કરીએ.